# સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ વદ - ૧૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

કયારેક શાંતિથી બેસવાનું પણ રાખો, જિંદગી જીવવાની છે જીતવાની નથી!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૨૩ ● તારીખઃ ૧૨.૦૭.૨૦૨૬, રવિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# વિયેતનામમાં ભારતીય પ્રવાસીઓને લઈ જતી સ્પીડ બોટ પલટી, ૧૫ના મોત, અનેક ગુમ



**સમય સંદેશઃ ડેસ્ક**

હનોઈ સ્થિત ભારતીય દૂતાવાસે અહેવાલ આપ્યો છે કે શનિવારે વિયેતનામના ફુ ક્વોક ટાપુ નજીક ઘણા ભારતીય પ્રવાસીઓને લઈ જતી એક હોડી પલટી ગઈ હતી. રાહત અને બચાવની કામગીરી ચાલુ છે, એક કન્ટ્રોલ રૂમ સ્થાપવામાં આવ્યો છે. દૂતાવાસે જણાવ્યું હતું કે સ્થાનિક અધિકારીઓ ઘટનાની સંપૂર્ણ વિગતો મેળવી રહ્યા છે. અહેવાલો મુજબ ૩૨ લોકોને લઈ જઈ રહેલી સ્પીડ બોટ પલટી ગઈ હતી, જેમાથી ૨૩ને દરિયાકાંઠે લાવવામાં આવ્યા છે, ૧૫ લોકો મૃત્યુ પામ્યા છે, હજી અનેક લાપતા છે. ''એક દુઃખદ ઘટનામાં, વિયેતનામના ફુ ક્વોક ટાપુ નજીક ઘણા ભારતીય પ્રવાસીઓને લઈ જતી એક હોડી પલટી ગઈ છે,'' દૂતાવાસે ડ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. તેમાં ઉમેર્યું હતું કે માહિતી અને સહાય માટે હો ચી મિન્હ સિટીમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ અને હનોઈમાં દૂતાવાસમાં કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે. પ્રથમ કંટ્રોલ રૂમનો સંપર્ક આ નંબર પર કરી શકાય છેઃ +૮૪ ૩૬ ૨૮૧ ૭૯૩૦, +૮૪ ૯૧ ૫૫૨ ૩૭ ૧૪ અને +૮૪ ૩૩

અનુ પાના નં.૨ પર

# ન્યૂઝીલેન્ડમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બતાવ્યું 30 વર્ષ જૂનું ગિફ્ટમાં મળેલું મફલર

**સમય સંદેશઃ ડેસ્ક**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરના તમામ પડકારો હોવા છતાં ભારતની પ્રગતિ અને વિકાસની ગતિ અભૂતપૂર્વ છે અને તે સમગ્ર વિશ્વને વિકાસનું એક નવું મોડેલ પૂરું પાડી રહ્યું છે. છેલ્લા ૪૦ વર્ષમાં ન્યૂઝીલેન્ડની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીએ આ ભવ્ય કાર્યક્રમ દરમિયાન લોકોને એક મફલર બતાવ્યું હતું. તેમણે જૂની યાદો તાજી કરતા કહ્યું કે, જાહેર જીવનમાં પ્રવેશતા પહેલા આશરે ૨૫-૩૦ વર્ષ અગાઉ જ્યારે તેઓ ન્યૂઝીલેન્ડ આવ્યા હતા, ત્યારે તેમને આ મફલર ભેટ તરીકે મળ્યું હતું. પ્રવાસી ભારતીયોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, ૨૫-૩૦ વર્ષ પહેલા જ્યારે જાહેર જીવનમાં મને કોઈ ઓળખતું નહોતું, ત્યારે મને અહીં આવવાની તક મળી હતી. તે સમયે મને કોઈકે ગિફ્ટ તરીકે ત્રણ વસ્તુઓ આપી હતી, જે હું ભારત પાછો લઈ ગયો હતો. ઠંડીની મોસમ હોવાથી તેમણે મને એક મફલર, એક કેપ અને ગ્લોવ્ઝ (દસ્તાને) આપ્યા હતા. તેમાંથી એક વસ્તુ હું આજે આ કાર્યક્રમમાં પણ મારી સાથે લાવ્યો છું. આ મફલર ત્રીસ વર્ષ પહેલાં ન્યૂઝીલેન્ડના એક સાથીએ મને આપ્યું હતું. આટલા વર્ષોમાં મેં ઘણી વખત તેનો ઉપયોગ કર્યો છે અને આજે પણ તેને એટલું જ સંભાળીને રાખ્યું છે, જેમ હું

અનુ પાના નં.૨ પર

# સૌરાષ્ટ્રમાં સિંહોના માનવ વસ્તી તરફ સ્થળાંતરથી ભયનો માહોલ

## દોઢ મહિનામાં ૬ લોકોના મોતઃ ગિરનારના પગથિયે માસૂમ બાળક પર હુમલો અને ચોમાસાને કારણે ૪ મહિના માટે સફારી બંધ



**સમય સંદેશઃ ગીર સોમનાથ**

સૌરાષ્ટ્રના વન્ય વિસ્તારોમાં સિંહોને નિહાળવા માટે દર વર્ષે હજારો પ્રવાસીઓ ઉમટી પડે છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી સિંહો જંગલ વિસ્તાર છોડીને રહેણાંક અને ગ્રામ્ય વિસ્તારો તરફ વળી રહ્યા છે. રહેણાંક વિસ્તારોમાં સિંહો ચઢી આવતા અને સ્થાનિક લોકો પર હિંસક હુમલા કરતા હોવાથી જનતામાં ભારે ફફડાટ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા માત્ર દોઢ મહિનાના ટૂંકા ગાળામાં સિંહોએ અલગ-અલગ વિસ્તારોમાં ૬ જેટલા લોકો પર જીવલેણ હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતાર્યા છે. આ હૃદયદ્રાવક ઘટનાઓને પગલે ગ્રામીણ વિસ્તારોમાં લોકો રાત્રિના સમયે ઘરની બહાર નીકળતા પણ ડરી રહ્યા છે. સિંહો દ્વારા મનુષ્યો પર હુમલાનો સિલસિલો જૂન મહિનાથી વકર્યો છે. ૧૬ જૂનના રોજ અમરેલીના કોવાયા ગામ નજીક મૂળ ઉત્તરાખંડના શ્રમિક પ્રકાશ ચંદ્ર પર સિંહે રાત્રિના સમયે ઘાતક હુમલો કરી તેમને ફાડી ખાધા હતા. ત્યારબાદ ૧૭ જૂને ભાવનગરના મહુવામાં બાઈક બંધ પડી જતા ચાલીને જઈ રહેલા શ્રમિક નાગજીભાઈને બાવળની ઝાડીમાંથી ધસી આવેલા સિંહે મોતને ઘાટ ઉતાર્યા હતા. ૨૫ જૂને અમરેલીના ધારીના માણાવાવ ગામે ખેતરમાં પાંચ વર્ષના બાળક ધવલને સિંહણ ઢસડી ગઈ હતી, જેને બૂમાબૂમ કરીને લોહીલુહાણ હાલતમાં છોડાવાયો હતો. જુલાઈ મહિનામાં પણ આ આક્રમકતા ચાલુ રહી, જેમાં ૬ જુલાઈએ પાલીતાણાના ગરાજીયા ગામે પશુપાલક કાળુભાઈ પરમાર પર સિંહણે હુમલો કરી ગંભીર ઈજા

અનુ પાના નં.૨ પર

# ખેડા જિલ્લામાં ચાંદીપુરા વાયરસના બે કેસ નોંધાતા આરોગ્ય વિભાગ એલર્ટ, બંને બાળકો સારવાર હેઠળ

**સમય સંદેશઃ ખેડા**

ખેડા જિલ્લામાં ચાંદીપુરા વાયરસના બે કેસ સામે આવતા આરોગ્ય વિભાગ એલર્ટ મોડ પર આવી ગયું છે. કપડવંજ તાલુકાના સાલોડ ગામની સીમ વિસ્તાર અને કઠલાલ તાલુકાના મિરઝાપુર નજીક આવેલી શીરાની મુવાડીમાં બે બાળ દર્દીઓમાં ચાંદીપુરાના લક્ષણો જોવા મળ્યા છે. બંને બાળકોને વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ આરોગ્ય વિભાગે બંને વિસ્તારોમાં સર્વે અને દવાનો છંટકાવ સહિતની કામગીરી હાથ ધરી છે. ખેડા જિલ્લામાં પ્રથમ વખત ચાંદીપુરા વાયરસના કેસ સામે આવતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. કપડવંજ તાલુકાના સાલોડ ગામની સીમ વિસ્તારમાં રહેતા એક વર્ષના બાળકમાં ચાંદીપુરાના લક્ષણો જોવા મળ્યા હતા. બાળકની પ્રાથમિક સારવાર કપડવંજની ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી હતી, પરંતુ તબિયત વધુ ગંભીર બનતા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ દરમિયાન કઠલાલ તાલુકાના મિરઝાપુર નજીક આવેલી શીરાની મુવાડીમાં ચાર વર્ષના બાળકમાં પણ ચાંદીપુરા વાયરસના લક્ષણો સામે આવ્યા છે. બાળકને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલ બંને બાળ દર્દીઓ ગાંધીનગરમાં સારવાર હેઠળ છે.

ચાંદીપુરાના કેસ સામે આવ્યા બાદ ખેડા જિલ્લા આરોગ્ય વિભાગ એલર્ટ થઈ ગયું છે.

અનુ પાના નં.૨ પર

# ભાજપની ગઈ વિધાનસભ્યને ખરીદવા રૂ. 30 કરોડની ઓફરઃ ઓમર અબદુલ્લા

**સમય સંદેશઃ શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના મુખ્ય મંત્રી ઉમર અબદુલ્લાએ શનિવારે ભાજપ પર પૈસા અને મંત્રીપદની લાલચ આપીને નેશનલ કોન્ફરન્સને તોડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માગને લઈને દિલ્હીમાં યોજાનારા વિરોધ પ્રદર્શન પહેલાં એક સભાને સંબોધતાં મુખ્ય મંત્રી ઉમરે જણાવ્યું હતું કે જમ્મુમાં ગઈના એક ધારાસભ્યને પાર્ટી છોડવા બદલ ૩૦ કરોડ રૂપિયા, મંત્રીપદ અને રાજ્યનો

અનુ પાના નં.૨ પર



# જામનગરના વિભાપરમાંથી ૧૨ વર્ષની દલિત સગીરાના અપહરણ મામલે સમાજમાં રોષઃ એસપી કચેરીએ આવેદનપત્ર અપાયું



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના વિભાપર ગામની એક ૧૨ વર્ષની દલિત સગીરાનું ૪૦ વર્ષના શખ્સ દ્વારા અપહરણ કરાયાની ઘટનાને પગલે દલિત સમાજમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાયાને ૭ દિવસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં પોલીસ દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. સગીરાનો કોઈ પત્તો ન લાગતા પરિવારજનો અત્યંત ચિંતાતુર બન્યા છે અને દીકરી સાથે કોઈ અનિચ્છનીય ઘટના ઘટી હોવાની આશંકા સેવાઈ રહી છે.

આ કેસમાં ન્યાય મેળવવા માટે દલિત સમાજના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જિલ્લા પોલીસ વડાની કચેરીએ પહોંચ્યા હતા અને આવેદનપત્ર પાઠવ્યું હતું. સમાજના અગ્રણીઓએ આક્ષેપ કર્યો છે કે, રથયાત્રા અને રાજ્યપાલના બંદોબસ્તના બહાના હેઠળ પોલીસ દ્વારા તપાસમાં ભારે ઢીલ રાખવામાં આવી રહી છે. સગીરા દલિત સમાજની હોવાથી વહીવટી તંત્ર દ્વારા આ સંવેદનશીલ બાબતને યોગ્ય ગંભીરતાથી લેવામાં આવી ન હોવાનો પણ ગંભીર આક્ષેપ કરાયો છે.

આવેદનપત્રના માધ્યમથી સમાજના અગ્રણીઓએ તંત્ર સમક્ષ માંગ કરી છે કે આગામી ૨૪ કલાકની અંદર જ આરોપીને ઝડપી પાડી સગીરાને સહીસલામત શોધી કાઢવામાં આવે. જો આ નિયત સમયમર્યાદામાં પોલીસ દ્વારા કોઈ સચોટ અને સખત કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ન્યાય માટે સમગ્ર જામનગર જિલ્લામાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# જામનગરના રણમલ તળાવમાં પાણી ઓસરતા ઘડિયાળી કૂવો દેખાયો

## જૂન પૂર્ણ અને જુલાઈ અડધો, છતાં જામનગરમાં મેઘરાજાની મહેર નહીં

**સમય સંદેશઃ જામનગર**

ચોમાસાની ઋતુનો જૂન મહિનો પૂર્ણ થઈ ગયો છે, અને જુલાઈ મહિનો પણ અડધો થવા આવ્યો છે, છતાં જામનગર શહેરમાં હજુ સુધી સંતોષકારક વરસાદ નોંધાયો નથી. છેલ્લા પંદરેક દિવસથી શહેરમાં મેઘાડંબર જેવી સ્થિતિ જોવા મળી રહી છે, જેના કારણે શહેરના ગૌરવ સમાન રણમલ તળાવનું જળસ્તર સતત ઘટી રહ્યું છે.

રણમલ તળાવમાં પાણીનું સ્તર ઘટતાં વર્ષના મોટાભાગના સમય દરમિયાન પાણીમાં ડૂબી રહેતો ઐતિહાસિક ઘડિયાળી કૂવો હવે સ્પષ્ટપણે નજરે પડવા લાગ્યો છે. સામાન્ય રીતે સારા વરસાદ બાદ આ કૂવો સંપૂર્ણપણે પાણીમાં સમાઈ જાય છે, પરંતુ આ વર્ષે વરસાદના અભાવે તે ફરીથી બહાર દેખાતા જામનગરમાં વરસાદની અછતનું જીવંત ચિત્ર સામે આવ્યું છે.

જામનગર જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં વાવણીલાયક વરસાદ થઈ જતાં ખેડૂતો ખેતીકાર્યમાં વ્યસ્ત બન્યા છે, પરંતુ શહેર અને આસપાસના વિસ્તારમાં હજુ સુધી મેઘરાજાએ મન મૂકીને મહેર વરસાવી નથી. પરિણામે રણમલ તળાવના પાણીમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગત વર્ષે આ જ સમયગાળા દરમિયાન સારો વરસાદ થતાં રણમલ તળાવ સંપૂર્ણ ભરાઈ ગયું હતું અને ઘડિયાળી કૂવો પાણીમાં ડૂબી ગયો હતો. જ્યારે આ વર્ષે વરસાદ ખેંચાતા કૂવો ફરી બહાર દેખાતા શહેરવાસીઓમાં ચિંતા વ્યાપી છે.



હવે શહેરવાસીઓ કાગડોળે મેઘરાજાની રાહ જોઈ રહ્યા છે અને આગામી દિવસોમાં સારા વરસાદની આશા સેવી રહ્યા છે. જામનગરમાં વરસાદની અછતને કારણે રણમલ તળાવનું પાણી ઘટી રહ્યું હોવાનું આ દશ્યો સ્પષ્ટ રીતે દર્શાવે છે.

# બહામાસમાં પ્લેન ક્રેશમાં ૧૦ના મોત, ફ્લેમિંગો એરની તમામ ફ્લાઇટ્સ ગ્રાઉન્ડેડ

**સમય સંદેશઃ ડેસ્ક**

કેરેબિયન ટાપુ સમૂહ દેશમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. દેશ જ્યારે પોતાની આઝાદીની ઉજવણીમાં ડૂબેલો હતો, ત્યારે જ સર્જાયેલા એક પ્લેન ક્રેશમાં સવાર તમામ ૧૦ લોકોના મોત નીપજ્યા હતા. આ મોટી દુર્ઘટના બાદ બહામાસ સરકારે 'ફ્લેમિંગો એર'ની તમામ ફ્લાઇટ્સ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકી દીધો છે.ઉત્તરી એન્ડ્રોસ નજીક અકસ્માત

આ અકસ્માત શુક્રવારે (૧૦મી જુલાઈ) બહામાસની રાજધાની નાસાઉના પશ્ચિમ ભાગમાં આવેલા ઉત્તર એન્ડ્રોસ નજીક સર્જાયો હતો. બહામાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન ઓથોરિટીના જણાવ્યાનુસાર, સેસ્ના ૪૦૨ પ્લેન બહામાસમાં જ રજિસ્ટર્ડ હતું. આ વિમાને રાજધાની નાસાઉના 'લિન્ડેન પિંડલિંગ આંતરરાષ્ટ્રીય વિમાનમથક' પરથી ઉડાન ભરી હતી અને તે સાન એન્ડ્રોસ જઈ રહ્યું હતું. જ્યારે વિમાન પોતાના ગંતવ્ય સ્થાને પહોંચે તે પહેલા જ તે ક્રેશ થઈ ગયું હતું. બહામાસના પ્રધાનમંત્રી ફિલિપ બ્રેવ ડેવિસે શરૂઆતમાં માહિતી આપી હતી કે અકસ્માતમાં

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

# લંકામાં લાગી પડી છે !!

છેલ્લાં થોડા દિવસોથી સિંહાલી નાગરિકોની ભૂગર્ભ પત્રિકાઓ સરકારના હાથમાં આવી છે, જે પ્રમાણે શ્રીલંકાના તમામ નાગરિકોને મુસ્લિમ વેપારીઓ પાસેથી માલસામાન ન ખરીદવા અને સામાજિક બહિષ્કાર કરવાનું એલાન કરવામાં આવ્યું છે. જોકે સરકારના હાથમાં આ વાત આવી એ પહેલાં એટલે કે બે-ત્રણ મહિનાથી મુસ્લિમ વેપારીઓનો સામાજિક બહિષ્કાર ચાલુ થઈ ગયેલો છે. શ્રીલંકાના સરકારી સમાચાર માધ્યમોમાં નાગરિકોને એવો અનુરોધ કરવામાં આવ્યો છે કે આતંકવાદીઓને કોઈ ધર્મ હોતો નથી માટે ઈસ્ટર સન્ડેના હુમલા માટે લંકન મુસ્લિમ નાગરિકોને જવાબદાર માનવાનો કોઈ અર્થ નથી. તો પણ આજ સુધી લંકાના મુસ્લિમ વેપારીઓના વ્યાપાર સ્થાનકોમાં સન્નાટો વ્યાપી ગયો છે. છેલ્લા ત્રણ મહિનામાં આઠ-દસ વેપારીઓએ તો પોતાના લંકન કામકાજ સંકેલીને વિવિધ અખાતી દેશો તરફ સપરિવાર પ્રયાણ કરી દીધું છે. ઈસ્ટર સન્ડે એટેકમાં ૨૫૦ થી વધુ લંકન નાગરિકો માર્યા ગયા હતા. લંકાના રાષ્ટ્રીય મુસ્લિમ આગેવાનોએ સતત આતંકવાદીઓ અને પાકિસ્તાન વિરુદ્ધ નિવેદનો આપેલા છે. શ્રીલંકાના જળ ડહોળવા માટે પાકિસ્તાનના ડ્રગ માફિયાઓ હવે બેનકાબ થઈ ગયા છે. મધ્ય એશિયા અને રશિયાના માર્ગો દ્વારા આ ડ્રગ માફિયાઓ નશીલા દ્રવ્યો છેક યુરોપ સુધી પહોંચાડતા હતા. પરંતુ એ બન્ને રસ્તે વિવિધ સંબંધિત સરકારોની નાકાબંધીને કારણે છેલ્લાં સાતેક વરસથી પાકિસ્તાનથી રવાના થતા નશાકારક પદાર્થો જે કરોડોની કિંમતના હોય છે તે હવે વાયા શ્રીલંકાની હદના સમુદ્રમાંથી પસાર થાય છે. ડ્રગના કેટલાક કન્સાઈન્મેન્ટ લંકાના તટરક્ષક દળો અને એની નૌકાસેનાએ ઝડપેલા છે. જેના પાકિસ્તાની અપરાધીઓ હજુ લંકાની જેલમાં છે. તો પણ લંકાની હદના દરિયાનો ઉપયોગ હજુય પાકિસ્તાની ડ્રગ માફિયાઓ કરતા રહ્યા છે. લંકાના જંગલોમાં એ માફિયાઓના એજન્ટો છે જે લંકામાં રહીને પાકિસ્તાનને મદદ કરે છે. બૌદ્ધ ધર્મગુરુઓનો પ્રભાવ એવો છે કે સરકાર એમને કંઈ કહી શકે એમ નથી. એટલે લઘુમતી મુસ્લિમ સમુદાયના હિતમાં સરકાર ભાઈચારાની પુનઃસ્થાપના માટે મથામણ કરે છે. લંકાના મુસ્લિમોએ પરિસ્થિતિ હજુ પણ ન સુધરતા પોતાની વ્યાપારિક સંપત્તિ વેચવાની શરૂઆત કરી દીધી છે. લંકાના મુસ્લિમો બાંગ્લાદેશ અને તામિલનાડુ તરફ સ્થળાંતર કરવા લાગ્યા છે. તેઓ તેમની મિલકતો પાણીના ભાવે વેચી રહ્યા છે. આ દસ ટકા નાગરિકો દૂધમાં સાકર ભળે એમ હળીમળીને બહુસંખ્ય બૌદ્ધ અને હિન્દુઓ તથા ખ્રિસ્તીઓ સાથે સંપીને રહેતા હતા.

# વોટરપાર્કમાં થયેલ યુવકના મૃત્યુ મામલે ૨૭ દિવસે પોલીસમાં નોંધ થઇ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં શરૂ સેક્સન રોડ પરનો તરૂણ પોતાના પરિવાર સાથે જાંબુડા ગામે આવેલા વોટર પાર્કમાં ન્હાવા ગયો હતો આ દરમિયાન એકાએક છાતીમાં દુઃખાવાની ફરિયાદ બાદ હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના તબીબે તપાસી તરૂણને મૃત થયાનું જાહેર કર્યું હતું.

જે મામલે બનાવની સ્થાનિક પોલીસ દફતરે મૃતકના માતાએ જાણ કરતા પોલીસે સ્થળ પર દોડી જઈ વધુ તપાસ આરંભી હતી. તા.૧૩ જૂનના રોજ બનેલા આ બનાવની આજે એટલે કે તા. ૧૦ જુલાઈના રોજ પોલીસ મથકમાં નોંધ કરાઇ છે.

મળતી માહિતી મુજબ જામનગરમાં શરૂ સેક્સન રોડ પર આવેલી સરદાર સોસાયટીમાં રહેતો આરવ શિવ કુમાર સ્વર્ણકાર નામનો ૧૪ વર્ષનો તરુણ તેની બાજુમાં રહેતા કૌટુંબિક ભાઈ, તેમના પત્ની વિગેરે બધા સાથે જાંબુડા ગામ પાસે આવેલ વેલકમ વોટર પાર્કમાં નહાવા ગયો હતો. જ્યાં બધા આનંદ સાથે નહાવાની મજા માણતા હતા દરમિયાન આરવને એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતા તાત્કાલિક પ્રથમ જાંબુડાના આરોગ્ય સેન્ટરમાં બાદ વધુ સારવાર અર્થે જામનગરની જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસી તેને મૃત જાહેર કરતા પરિવારમાં કરુણ આક્રંદ સાથે આભ તુટી પડ્યું છે.

બીજી તરફ આ બનાવની આરવના માતાએ ભારે હૈયે પંચકોશી એ ડિવિઝન પોલીસ દફતરે જાણ કરતા હે. કો. એ. જી. જાડેજા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને આ સમગ્ર બનાવની ઝીણવટભરી તપાસ આરંભી છે.

## સલાયામાં યુવાન ઉપર હુમલો કરવા સબબ ચાર સામે ફરિયાદ

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે પરોડિયા રોડ પર રહેતા શાહનવાઝ અયુબભાઈ કુંગડા નામના ૨૩ વર્ષના મુસ્લિમ યુવાન તથા સાહેદ ગુલામ સાથે કોઈ દેખીતી બાબત વગર બોલાચાલી કરી, આરોપી અમર કરીમ જખરા, આમીન કરીમ જખરા, યાસીન કરીમ જખરા અને કરીમ જખરા નામના ચાર શખ્સોએ બિભત્સ ગાળો કાઢી, પાઇપ વડે હુમલો કરી, ઇજાઓ કર્યાની ફરિયાદ સલાયા મરીન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.


**નામ સુધારેલ છે**

આથી હું જાહેર કરું છું કે મારુ નામ મકવાણા દિપકકુમાર ચંદુલાલ માંથી સુધારીને મકવાણા દિપક ચંદુલાલ કરેલ છે. જેની નોંધ કરેલ છે.

**સરનામું : ડી/૬૪ ભાગવત નગર , સમા , વડોદરા.**

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

**સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**


**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**




# હાલારના હાલહવાલ



# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં નિયમો વિરુદ્ધ ચાલતા ભારે વાહનોના કારણે વધતા અકસ્માતોઃ 'આપ' દ્વારા તંત્રને ઉગ્ર રજૂઆત




**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ખાનગી કંપનીના ભારે વાહનોના કારણે અવારનવાર ગંભીર અકસ્માતોના બનાવો બની રહ્યા છે. જેમાં અનેક નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ ગંભીર મુદ્દે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ સહિતના કાર્યકરો દ્વારા જિલ્લા તંત્રને સોશિયલ મીડિયાના માધ્યમથી રજૂઆત કરવામાં આવી હતી.

તેમના દ્વારા તંત્ર સમક્ષ કરવામાં આવેલી માંગણીઓમાં ભારે વાહનો માટે ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવે, ખાનગી કંપનીઓના ભારે વાહનો દ્વારા નિયમોનો ભંગ થાય તો તાત્કાલિક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે અને જે કંપનીના માલવાહક વાહનો દ્વારા અકસ્માતમાં ભોગ બનનાર પરિવારને પૂરતું યોગ્ય વળતર આપવામાં આવે, અકસ્માતવાળા સ્થળે રોડ સેફ્ટીના સાધનો જેવા કે ઇન્ડિકેટર, બેરિકેટ, રિફ્લેક્ટર વિગેરે ફરજિયાત કરવામાં આવે, વાહનના તમામ કાગળો વગર રોડ પર દોડતા વાહનો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ કરવામાં આવી હતી.

છેલ્લા દિવસોમાં ચેલા-ચંગા પાટિયા પાસે, માઝા પાટિયા પાસે અને કેશોદ ગામ પાસે ગંભીર અકસ્માત થયા છે. કેશોદ પાસે થયેલ અકસ્માતમાં એક યુવાનનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું છે. જેમાં કહેવાય છે કે અકસ્માતગ્રસ્ત વાહનના પૂરતા કાગળો ન હતા અને રોડ પર કોઈપણ પ્રકારની સેફ્ટી વ્યવસ્થા રાખવામાં આવી ન હતી. આમ આદમી પાર્ટી દ્વારા તંત્ર તાત્કાલિક પગલા લઈને આવા અકસ્માતો અટકાવે. નહીંતર તેમના દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ભાણવડનાં મેવાસા ગામે કુવામાં પડી ગયેલા શિયાળનું રેસ્કયુ કરાયું



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ તાલુકાના મેવાસા ગામે વાડી વિસ્તારમાં આવેલ એક કુવામાં છેલ્લા ત્રણ દિવસથી એક શિયાળ પડી ગયું હોવાની ઘટના સામે આવી હતી. કુવામાં પડેલા આ શિયાળને બહાર કાઢવા માટે વાડી માલિકે ભારે જહેમત ઉઠાવી હતી, પરંતુ તેમાં સફળતા ન મળતા આખરે તેમણે ભાણવડ એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટના અશોકભાઈ ભટ્ટનો સંપર્ક કર્યો હતો.

ઘટનાની ગંભીરતા સમજીને એનિમલ લવર્સની ટીમ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તુરંત જ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. કૂવો ઉંડો હોવા છતા, ટીમના સભ્યોએ પોતાના જાનના જોખમે કૂવામાં ઉતરીને ભારે જહેમત બાદ શિયાળને હેમખેમ બહાર કાઢયુ હતું. ત્રણ દિવસની ભૂખ પ્યાસ અને મરણતોલ પરિસ્થિતિમાંથી મુક્ત થતા જ શિયાળને તેના કુદરતી આવાસમાં સુરક્ષિત રીતે છોડી દેવામાં આવ્યું હતું.

# કો.કો.બેન્કના ચેરમેન પદે પરાગ શાહ, વાઈસ ચેરમેન તરીકે મિતેશ લાલ



**સમય સંદેશઃ જામનગર**

ધ ધી કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લિ., જામનગરના ચેરમેનપદે શહેરના અગ્રણી બિલ્ડર પરાગભાઈ ગુલાબચંદ શાહ તથા વાઇસ ચેરમેનપદે યુવા ઉદ્યોગપતિ મિતેશભાઈ લાલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

બેન્કના બે મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ પર શહેરના પ્રતિષ્ઠિત અગ્રણીઓની વરણી થતાં વેપારી, ઔદ્યોગિક, બિલ્ડર અને સામાજિક વર્તુળોમાં આનંદની લાગણી પ્રસરી છે. પરાગભાઈ ગુલાબચંદ શાહ બાંધકામ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા અગ્રણી બિલ્ડર તરીકે ઓળખાય છે. તેમના વ્યવસાયિક અનુભવ, સંચાલનક્ષમતા અને માર્ગદર્શનનો લાભ બેન્કની પ્રગતિ અને ભાવિ આયોજનમાં મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

વાઇસ ચેરમેનપદે વરાયેલા મિતેશભાઈ લાલ યુવા ઉદ્યોગપતિ તરીકે શહેરમાં આગવી ઓળખ ધરાવે છે. તેમની કાર્યદક્ષતા, યુવા દષ્ટિકોણ અને વ્યવસાયિક સૂઝ બેન્કની ગ્રાહકલક્ષી સેવાઓને વધુ અસરકારક અને સુદઢ બનાવવામાં ઉપયોગી સાબિત થશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

## ધ્રાફામાં ૧૭ વર્ષના યુવકે ફાંસો ખાઇ કર્યો આપઘાત

જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામે રહેતા જતીનભાઈ જીવાભાઈ પરમાર (ઉ.વ.૧૭), તા. ૧૦ જુલાઈના રોજ પોતાના ઘરે હતા. આ દરમિયા. સવારે ૧૧:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યાની વચ્ચે કોઈપણ સમયે પોતાના ઘરે સાડી વડે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે પરિવારને જાણ થયા બાદ મૃતકના પિતા જીવાભાઈ ભીમાભાઈ પરમારે શેઠવડાળા પોલીસને જાણ કરતાં પોલીસ તાત્કાલિક બનાવ સ્થળે દોડી ગઈ હતી. આ દરમિયાન પોલીસે અકસ્માતે મૃત્યુની નોંધ કરી સગીરે કયા કારણોસર અંતિમ પગલું ભરી લીધું તે દિશામાં તપાસ શરુ કરી છે.

# કલ્યાણપુરનાં પાનેલીનાં શખ્સને ચેક રિટર્ન કેસમાં બે વર્ષની કેદ

**સમય સંદેશઃ કલ્યાણપુર**



કલ્યાણપુર તાલુકાના પાનેલી ગામે રહેતા ભીમશી દેવાણંદભાઈ બેલા નામના શખ્સ સામે વર્ષ ૨૦૨૪ ના સમયગાળામાં જામનગરની કોર્ટમાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ નોંધાયેલી ફરિયાદને અનુલક્ષીને અદાલત દ્વારા ઉપરોક્ત શખ્સને બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો જેને અનુલક્ષીને કલ્યાણપુર પોલીસ મથકના પી.આઈ. આર.એન. હાથલીયા તેમજ પી.એસ.આઈ. એસ.કે. બારડ દ્વારા નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા માટે કરવામાં આવેલી કાર્યવાહીમાં આરોપી ભીમશી બેલાને ઝડપી લઇ, જેલ હવાલે કરવાની કાર્યવાહી કરાઇ હતી.

## અનુસંધાન

### ૨૦ લાખનો દંડ

(પાના નં. ૪ થી આગળ)

કોલસાની ધૂળ અટકાવવા પૂરતી વ્યવસ્થા નહોતી. વિન્ડ બ્રેકિંગ વોલ તૂટેલી હતી.કોલસાના ઢગલાની ઊંચાઈ નિયમ મુજબ નહોતી.આરસીસી ફ્લોરિંગ નહોતું.કવર્ડ શેડ નહોતા પાણી છંટકાવ પૂરતું નહોતું. ડસ્ટ સપ્રેશન સિસ્ટમ ન હતી.ખુલ્લામાં કોલસાનો સંગ્રહ હતો.કન્વેયર/જંકશન પોઈન્ટ યોગ્ય રીતે ડપ ન હતા.અગાઉ આપવામાં આવેલી જીપીસીબીની સૂચનાઓનું પાલન થયું નહોતું.જો આ આદેશોનું પાલન ન થાય તો એર એક્ટ ૧૯૮૧ ની કલમ ૩૭ તથા ૪૧ હેઠળ દંડ અને કેદની કાર્યવાહી થઈ શકે છે.તેમ પણ સરકારે તાકીદ કરી છે.

### જામનગરમાં રિક્ષા અથડાવવા

(પાના નં. ૪ થી આગળ)

સારવાર અને તપાસ દરમિયાન ડોકટરોએ જણાવ્યું કે છરીનો આગળનો ભાગ વાંસાના ભાગમાં અંદર રહી ગયો હતો અને ઇજા ગંભીર તથા જીવલેણ હતી. આથી, તેને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે જુનેદ જાનમામદ બ્લોચ, કામીલ, ફાતમાબેન અને કામીલની માતા સામે હત્યાના પ્રયાસ, મારામારી, ધમકી અને અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રેશનીંગનો પુરવઠો

(પાના નં. ૪ થી આગળ)

આનો ફાયદો લઇ દુકાનદારો માલ બારોબાર સગેવગે કરી નાખે છે. અમુક દુકાનદારો તોલમાપ માં પણ ઓછુ આપે છે અને જે બીલ આપવાનું હોય છે તે પણ આપતા નથી ત્યારે જામજોધપુર નું ભર નિંદ્રામાં સુતેલ પુરવઠા તંત્ર દુકાને દુકાને આ બાબતે સરપ્રાઇઝ ચેકિંગ કરશે ખરૂ? તેવો પ્રશ્ન ઉઠ્યો છે.

### સલાયામાં શ્વાન

(પાના નં. ૪ થી આગળ)

બકરીઓનો અવાજ આવતાં ઘરના સભ્યોએ લાઈટો ચાલુ કરીને તપાસ કરી, તો બકરીઓ ગાયબ જણાતી હતી. આથી પરિવારજનોએ તાત્કાલિક બહાર નીકળી આસપાસમાં શોધખોળ શરૂ કરી હતી.ચોરો બકરીઓને લઈને બાજુની શેરીમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ત્યાં શેરીના કૂતરાઓએ આ અજાણ્યા શખ્સોને જોઈને જોરજોરથી ભસવાનું શરૂ કરી દીધું હતું. કૂતરાઓના ભસવાથી અને પાછળ આવી રહેલા ઘરના લોકોના ડરથી ગભરાઈને ચોર બંને બકરીઓને ત્યાં જ પડતી મૂકીને અંધારામાં ભાગી છૂટ્યા હતા. ત્યારબાદ પરિવારજનો ત્યાં પહોંચતા જ બંને બકરીઓ હેમખેમ મળી આવી હતી. આમ, મુંગા પશુઓએ અન્ય પશુઓનો જીવ અને માલિકનું નુકસાન થતું બચાવ્યું હતું. આ રમૂજી અને આશ્ચર્યજનક ચોરીના પ્રયાસની ઘટના હાલ સમગ્ર સલાયા પંથકમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

### બાળ સંરક્ષણ

(પાના નં. ૪ થી આગળ)

બનાવ સ્થળ પર દોડી જઈ અલગ-અલગ દિશાઓમાં તપાસ હાથ ધરવામાં આવી છે, જેમાં આજુબાજુના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી હાલ લાપતા બનેલા બન્ને બાળકો મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે બાળકો ક્યાં કારણો સર અને ક્યાં નાશી ગયા હતા. જે મામલે પૂછપરછ હાથ ધરવામાં આવશે.

### મચ્છરજન્ય રોગચાળા

(પાના નં. ૩ થી આગળ)

એક પ્રેઝન્ટેશન યોજાયું હતું. જેમાં ચોમાસામાં મચ્છરજન્ય રોગચાળાને પેદા થતો અટકાવવા અને તેને નાથવાના પગલાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કોર્પોરેશનની ટીપીઓ, સોલીડ વેસ્ટ,પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ, ગાર્ડન, સીવીલ શાખાઓ તેમજ એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ, જી. જી. હોસ્પિટલ, જિલ્લા અદાલત, કલેક્ટર કચેરી, પોલીસ અધિક્ષક કચેરી, એસટી નિયામક કચેરી તથા ભારતીય વાયુસેના સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મેલેરીયા વિભાગના અધિકારીઓએ મીટીંગમાં ઉપસ્થિત અધિકારીઓને તેના કાર્યક્ષેત્રમાં આવતા તમામ સ્થળોએ મચ્છરો દ્વારા પેદા થતા રોગચાળાને જ પેદા ન થવા દેવા માટે લેવાના થતા પગલા અંગે સમજ આપી હતી.

### વિયેતનામમાં ભારતીય

(પાના નં. ૧ થી આગળ)

૪૫૨ ૦૪૧૪. હનોઈમાં બીજા કંટ્રોલ રૂમનો સંપર્ક આ નંબર પર કરી શકાય છેઃ +૮૪ ૯૧ ૩૦૮ ૯૧૬૫. સત્તાવાર સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, થોડા કલાકો પહેલાં વિયેતનામના ફૂ ક્વોક ટાપુ નજીક પલટી ગયેલી બોટમાં નીચે જણાવ્યા મુજબના ૩૨ ભારતીય પ્રવાસીઓ સવાર હતા.

### ગિફ્ટમાં મળેલું મફલર

(પાના નં. ૧ થી આગળ)

તમારા પ્રેમને સંભાળીને રાખું છું. વડાપ્રધાન મોદીએ ઓકલેન્ડમાં ભારતીય સમુદાય દ્વારા આયોજિત 'કિયા ઓરા મોદી' નામના ભવ્ય કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સન પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના સંબંધો સુખદ સ્મૃતિઓ, સ્થાયી મિત્રતા, સહિયારા મૂલ્યો અને પરસ્પર પ્રતિબદ્ધતા પર આધારિત છે. ત્યાં હાજર લોકોની જોરદાર તાળીઓ અને ઉત્સાહ વચ્ચે વડાપ્રધાને ગર્વભેર ઉમેર્યું કે, વૈશ્વિક પડકારો હોવા છતાં ભારત જે ઝડપે પ્રગતિ કરી રહ્યું છે તે અભૂતપૂર્વ છે. આજે ભારત દુનિયાની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા છે અને ભારત વિશ્વને વિકાસનો એક તદ્દન નવો રાહ ચીંધી રહ્યું છે.

### ચાંદીપુરા વાયરસ

(પાના નં. ૧ થી આગળ)

આરોગ્ય વિભાગ દ્વારા જુદી જુદી ટીમો બનાવી સાલોડ ગામ અને શીરાની મુવાડી સહિત આસપાસના વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાથે જ દવાનો છંટકાવ અને લોકોને જાગૃત કરવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગના અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા અને બાળકોમાં તાવ, ઊલટી, બેભાન થવું કે અન્ય ગંભીર લક્ષણો દેખાય તો તાત્કાલિક આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવાની અપીલ કરી છે. ચાંદીપુરાના બે કેસ સામે આવતા કઠલાલ અને કપડવંજ તાલુકાના લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજ્યમાં વધતાં ચાંદીપુરા વાયરસ અંગે રાજ્ય આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ ચિંતા વ્યક્ત કરીને કહ્યું કે, અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસથી ૩ બાળકોના મોત થયા છે. વર્ષ ૨૦૨૪માં જે વિસ્તારમાંથી શંકાસ્પદ કેસ આવ્યા હતા ત્યાં પણ કામગીરી કરાઈ છે. આ સાથે જ રાજ્ય આરોગ્ય મંત્રીએ લોકોને સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાથી દૂર રહેવાની અપીલ કરી છે.

### સૌરાષ્ટ્રમાં સિંહો

(પાના નં. ૧ થી આગળ)

પહોંચાડી હતી, જ્યારે ૮ જુલાઈએ અમરેલીના અંટાળીયા ગામે સિંહ દર્શન કરવા ગયેલા ૨૧ વર્ષીય સોહીલ મેમણનું સિંહના હુમલામાં કરુણ મોત નીપજ્યું હતું.

હજુ ૧૧ જુલાઈના રોજ વહેલી સવારે એક અત્યંત ચોંકાવનારી ઘટના જૂનાગઢમાં બની છે, જ્યાં ગિરનારની યાત્રાએ આવેલા મહેમદાવાદના એક પરિવારનો ૧૧ વર્ષનો માસૂમ બાળક મયુરસિંહ ચૌહાણ વહેલી સવારે ૫ વાગ્યે સીડીઓ ચઢી રહ્યો હતો ત્યારે અંધારામાંથી અચાનક ધસી આવેલા સિંહે તેના પર હુમલો કરી તેને જંગલ તરફ ખેંચી લીધો હતો, જેમાં બાળકનું મોત થયું છે. બીજી તરફ, ચોમાસાની ઋતુના પ્રારંભની સાથે જ વન વન વિભાગ દ્વારા સાસણ ગીર અને ગિરનાર વાઇલ્ડલાઇફ સેન્ચ્યુરીમાં જંગલ સફારી પ્રવાસીઓ માટે આગામી ચાર મહિના એટલે કે ૧૫ ઓક્ટોબર સુધી સત્તાવાર રીતે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન સિંહોની સુરક્ષા અને પ્રજનનકાળને ધ્યાનમાં રાખીને માનવ દખલગીરી રોકવામાં આવશે.

વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫માં કરવામાં આવેલી વસ્તી ગણતરીના આંકડાઓ પર નજર કરીએ તો ગીરમાં એશિયાટિક સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. હાલમાં વન્ય વિસ્તારમાં ૧૯૬ નર સિંહ, ૩૩૦ માદા સિંહ, ૧૪૦ પાઠડા અને ૨૨૫ બચ્ચાઓ સાથે કુલ ૮૯૧ સિંહો નોંધાયા છે. છેલ્લા ૧૦ વર્ષના સમયગાળામાં સિંહોની વસ્તીમાં આશરે ૩૨.૧૯% જેટલો મોટો વધારો નોંધાયો છે. જો કે, આ વસ્તી વધારાની સાથે જ ગીર પશ્ચિમ અને પૂર્વ રેન્જમાં સિંહોમાં બેબેસિયા અને સીવીડી વાયરસના રોગચાળાની આશંકા વચ્ચે અંદાજે ૧૨ સિંહોના મોત પણ થયા હતા. સિંહોની વધતી સંખ્યા અને સંકોચાતા જતા જંગલોને કારણે જ વનરાજો હવે રેવન્યુ વિસ્તારો તરફ વળી રહ્યા છે, જે વન વિભાગ માટે મોટો પડકાર બન્યો છે.

### ઓમર અબદુલ્લા

(પાના નં. ૧ થી આગળ)

દરજ્જો પાછો અપાવવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો. તેમણે મોટી જનસભામાં કહ્યું હતું કે કેન્દ્ર સરકારે અમારી સહનશીલતા અને મૌનને અમારી કમજોરી સમજી છે. ગઈના સ્થાપક શેખ મોહમ્મદ અબદુલ્લાની પત્ની બેગમ અકબર જહાંની પુણ્યતિથિ નિમિત્તે આ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો કાર્યકરો હાજર રહ્યા હતા. મુખ્ય મંત્રીએ કહ્યું હતું કે ભાજપના એક વરિષ્ઠ નેતા અને સુપ્રીમ કોર્ટના વકીલે જમ્મુમાં બંધ દરવાજા પાછળ અમારા એક ધારાસભ્યને ૨૦-૩૦ કરોડ રૂપિયા, મંત્રીપદ અને તેમની સાથે જોડાય તો રાજ્યનો દરજ્જો પાછો અપાવવાનો પ્રસ્તાવ આપ્યો હતો. તેમને લાગે છે કે અમારી આસ્થા અને વિશ્વાસ ખૂબ સસ્તા છે. પરંતુ કોઈ પણ ધારાસભ્ય ૩૦ કરોડ માટે તો શું, ૧૦૦ કરોડ રૂપિયા માટે પણ વેચાવા તૈયાર નથી.

મુખ્ય મંત્રીએ કેન્દ્ર સરકાર સામે કડક વલણ અપનાવતાં જણાવ્યું હતું કે કેન્દ્ર શાસિત પ્રદેશમાં લાંબા સમયથી બાકી રહેલી પંચાયત અને શહેરી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી માટે 'યોગ્ય સમય' તેઓ નક્કી કરશે. આ ટિપ્પણી કેન્દ્ર સરકાર દ્વારા વારંવાર આપવામાં આવતા યોગ્ય સમયે રાજ્યનો દરજ્જો પરત આપવામાં આવશે એવાં આશ્વાસનોના સંદર્ભમાં હતી.

### પ્લેન ક્રેશમાં ૧૦

(પાના નં. ૧ થી આગળ)

એક વ્યક્તિનો જીવ બચી ગયો છે. પરંતુ, ત્યારપછી યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે પુષ્ટિ કરી હતી કે ગંભીર ઈજાઓના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન એકમાત્ર બચેલી વ્યક્તિએ પણ દમ તોડી દીધો છે. આ સાથે જ અકસ્માતમાં કુલ મૃત્યુઆંક ૧૦ પર પહોંચ્યો છે. સત્તાવાર રીતે હજુ સુધી તમામ મૃતકોની ઓળખ જાહેર કરવામાં આવી નથી.

# નરેશ પટેલના જન્મદિવસે રક્તદાન મહાયજ્ઞઃ જામનગર શહેર-જિલ્લામાં કુલ ૨૨ સ્થળોએ રક્તદાન કેમ્પ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશ પટેલના ૬૧મા જન્મદિવસે રક્તદાનનો મહાયજ્ઞ યોજાયો હતો. શ્રી ખોડલધામ ટ્રસ્ટ અને સદ્જ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સહિત દેશભરમાં ૭૦થી વધુ સ્થળોએ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતું. આ સેવાકીય કાર્યક્રમ અંતર્ગત જામનગર શહેર અને જિલ્લામાં કુલ ૨૨ સ્થળોએ રક્તદાન કેમ્પ સફળતાપૂર્વક યોજાયા હતા. નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષોથી સર્વરોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ અને કુદરતી આપત્તિઓમાં સહાય જેવા અનેક પ્રેરણાદાયી કાર્યો કરવામાં આવે છે. આ રક્તદાન થકી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહેશે. જામનગર શહેરમાં સવારે ૯:૦૦ થી ૧:૦૦ વાગ્યા દરમિયાન વિવિધ મુખ્ય સ્થળોએ રક્તદાન કેમ્પ યોજાયા હતા. બહેનો ઉત્સાહભેર ભાગ લઈ શકે તે માટે અલગથી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. શહેરના મુખ્ય કેન્દ્રોમાં શ્રી ખોડલધામ સમિતિ જિલ્લા કાર્યાલય, શ્રી કેશવજી અરજણ લેઉવા પટેલ સમાજ (રણજીતનગર), શ્રી નારાયણ કચરા ગલાણી લેઉવા પટેલ સમાજ (નારાયણ નગર-૧), શ્રી લેઉવા પટેલ સમન્વય ટ્રસ્ટ ખોડલ ગ્રીન (સરદાર પાર્ક, ખાસ મહિલાઓ માટે), શ્રીજી હોલ (ઓશવાળ કોલોની, ખાસ મહિલાઓ માટે) અને ત્રઈઈઉઈ ફેસ-૨, ૩, એસોસિએશન ઓફિસનો સમાવેશ થાય છે. જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ રક્તદાન પ્રવૃત્તિ વેગવંતી બની હતી. વિભાપર, ઠેબા, નંદપુર, મોડપર, સુમરા, હરીપર, ભાદરા, મજોઠ, લતીપુર, ધ્રોલ, નિકાવા, મોટા વડાળા, ખરેડી, પાતા મેઘપર અને પીપરટોડા સહિતના ગામોમાં રક્તદાતાઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. આ મહા રક્તદાન કેમ્પને પ્રોત્સાહિત કરવા માટે ધારાસભ્ય દિવ્યેશ અકબરી, લેઉવા પટેલ સેવા સમાજના પ્રમુખ મનસુખ રાબડીયા, ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, જિલ્લા કન્વીનર, મહિલા સમિતિના સભ્યો તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ અને હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સર્વ સમાજના ભાઈઓ-બહેનો અને જાહેર જનતાએ મોટી સંખ્યામાં જોડાઈને રાષ્ટ્રસેવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

# જામનગરમાં મચ્છરજન્ય રોગચાળા સંદર્ભે વિવિધ વિભાગોના વડાઓની બેઠક

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમા ચોમાસામાં મચ્છરજન્ય રોગચાળો એટલે કે, મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા જેવા રોગો ફેલાય નહીં તે માટે આગોતરી તૈયારીના ભાગરૂપે મહાનગરપાલિકાની મેલેરીયા શાખા દ્વારા કોર્પોરેશનની બીજી શાખાઓના વડાઓ તેમજ ગત વર્ષે જ્યાં મહત્તમ ડેન્ગ્યુ કેસ નોંધાયા હતા



તસવીરઃ હિરેન ગાંધી

અને એક મૃત્યુ પણ નોંધાયું હતું તેવા સરકારી મેડિકલ કોલેજ સહિતના સરકારી વિભાગો સાથે પરામર્શ બેઠક યોજીને કેટલાક પગલા લેવા સુચવ્યું હતું. કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડો. હરેશ ગોરી તેમજ સીટી મેલેરિયા ઓફીસર દીલીપ પંચાલની અગ્રતામાં કોર્પોરેશનના કોન્ફરન્સ હોલ ખાતે

અનુ પાના નં.૨ પર

# દ્વારકાપુરી મંદિર પરિસરમાં લીમડાનું વૃક્ષ સળગાવાતા ચકચાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં દ્વારકાપુરી રોડ ઉપર આવેલા દ્વારકાપુરી મંદિરના રહેણાંક કમ્પાઉન્ડમાં કોઈકે લીમડાના વૃક્ષના થડને સળગાવી નાંખતાં લીમડો જમીન દોસ્ત થયો હતો. એક ઘટાદાર વૃક્ષની કાવતરા પુર્વક હત્યા જેવી આટલી ગંભીર ઘટનાને મહાનગરપાલિકાએ તપાસ કે જવાબદાર સામે હળવાશથી લઈને ફોજદારી કાર્યવાહીને બદલે વૃક્ષના કટકા કરી આપીને સ્મશાને પહોંચાડવાની મદદની કામગીરી હાથ ધરી છે.

દ્વારકાપુરી મંદિર બહારના કમ્પાઉન્ડમાં સંખ્યાબંધ ભાડુતી મકાનો સાથેનું વિશાળ કમ્પાઉન્ડ છે. જેમાં ૫૦ વર્ષ કરતા વધુ વર્ષો જુનો એક લીમડો આવેલો છે. આ લીમડાના થડને તા.૯ની સવારે કોઈએ સળગાવી નાંખતા લીમડો ધડામ કરતો પડયો હતો.

આ ઘટનાની જાણ વિસ્તારનાકોર્પોરેટરને કોઈએ કરી હતી. ઉપરાંત ફાયર વિભાગને પણ જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને ઈલેકટ્રીક કરવતથી વૃક્ષનું કટીંગ કરીને બે ટનથી વધુ જ લાકડું જુદું પાડયું હતું. આ લાકડું ક સ્મશાને પહોંચાડવાની કામગીરીની અધિકારીએ સુચના આપી રાખી છે.

પરંતુ આ વૃક્ષ આવી કેમ પડયું ? અને તેના થડને કોણે સળગાવ્યું? આ ઘટનામાં જાનહાની થઈ હોત તો? જવાબદાર કોણ? આવા બધા પ્રશ્નોના જવાબ મેળવતી તપાસ કરવી જરુરી છે. અધિકારી દ્વારા સૌરાષ્ટ્ર ટ્રી પ્રિવેન્શન કાયદા હેઠળ કામગીરી થાય. તેવી વૃક્ષપ્રેમીઓમાં માંગણી ઉઠી છે.આ અંગે ગાર્ડન શાખાના સુપ્રિન્ટેન્ડેન્ટ ઈજનેર હરીશભાઈ વાણીયા જણાવે છે કે, એ આ મામલે તપાસ કરીને જવાબદાર સામે પગલા લેવામાં આવશે

# જામજોધપુર પાસે માર્ગ પર પડેલું વિશાળ વૃક્ષ રાહદારીઓએ હટાવ્યું



**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર નજીક જામવાળી-બાલવા રોડ પર આજે સવારે આશરે ૮ વાગ્યાના સમયે અચાનક એક વિશાળ વૃક્ષ રસ્તાની વચ્ચે ધરાશાયી થતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, અને બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

આ દરમિયાન ત્યાંથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ અને સ્થાનિક લોકોએ કોઈ સરકારી તંત્રની રાહ જોયા વગર સ્વયં આગળ આવી માનવતા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સૌએ સાથે મળીને જાતમહેનતથી રસ્તા પર આડું પડેલું વિશાળ વૃક્ષ એક બાજુ ખસેડવા ભારે જહેમત ઉઠાવી હતી. થોડા સમયની મહેનત બાદ વૃક્ષને રસ્તા પરથી હટાવવામાં સફળતા મળતાં વાહનવ્યવહાર ફરી પૂર્વવત થયો હતો. આ પ્રસંગે કોઈ જાતિ, ધર્મ કે ઓળખનો ભેદ રાખ્યા વિના સૌએ એકજૂથ બની કરેલા સહયોગે સાચા અર્થમાં માનવ એકતા જ મહાન શક્તિ છે તેવો સંદેશ સમાજને આપ્યો હતો.

# વરસાદની આશાએ જામનગર જિલ્લામાં દોઢ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ખરીફ પાકનું વાવેતર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાના મોડા પ્રારંભ બાદ હજુ સુધી મોટા ભાગના વિસ્તારો સચરાચર મેઘમહેરથી મહદઅંશે વંચિત હોવા છતા જગતના તાત દ્વારા આશાના બીજના આરોપણના પગલે ધીરે ધીરે ખરીફ પાકના વાવેતરે જોર પકડયું છે. જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહના અંત સુધીમાં સમગ્ર જિલ્લામાં કુલ ૧,૫૩,૬૭૮ હેક્ટર જમીનમાં ખરીફ પાકનું સફળતાપૂર્વક વાવેતર થઈ ચૂક્યું છે. હાલ સુધીના વાવેતરના સત્તાવાર આંકડાઓજોતાં આ વર્ષે પણ જિલ્લાના ખેડૂતોએ સૌથી વધુ મગફળીનુ ૧,૧૧,૨૪૮ હેકરટમાં વાવેતર કર્યુ છે.જે સાથે ૩૫,૪૩૭ હેક્ટરમાં કપાસ બાદ ખેડૂતોએ રોકડિયા પાક તરફ વધુ પસંદગી ઉતારી હોય તેમ જણાઈ આવે છે. વાવેતરમાં કાલાવડ તાલુકો મોખરે રહ્યો જિલ્લાના કુલ ૬ તાલુકાઓ પૈકી છે. કાલાવડમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૪૮,૧૩૩ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ ચૂકી છે. જ્યારે બીજા ક્રમે જામજોધપુર તાલુકો આવે છે,જ્યાં ૩૭,૨૧૬ હેક્ટરમાં વાવેતર નોંધાયું છે. બીજી તરફ, લાલપુર તાલુકામાં હજુ સુધી વાવણીની ગતિ ધીમી જોવા મળી છે. જ્યાં અત્યાર સુધીમાં સૌથી ઓછી માત્ર ૩,૭૪૯ હેક્ટરમાં જ વાવણી થઈ શકી છે. આગામી દિવસોમાં સાર્વત્રિક વરસાદ બાદ જિલ્લાના તમામ તાલુકાઓમાં વાવેતરના આંકડાઓમાં હજુ મોટો વધારો થવાની સંભાવના છે.

# રીંઝપરની સીમમાંથી સાત ખેલંદા ઝડપાયા

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર તાલુકાના રીઝપર ગામાથી આગળ નવાપરા સીમ વીસ્તારમાં બાવળની ઝાળીમાં જુગાર રમતા હીતેશ દેવજીભાઇ નેસડીયા (ઉ.વ.૫૧ ધંધો.ખેતી રહેવાસી-ચાર-થાભલા લાલપુર તા.લાલપુર જી.જામનગર) પીઠા રાજશીભાઇ વસરા (ઉ.વ.૪૮ રહેવાસી- રીઝપર -ગામ તા.લાલપુર જી.જામનગર), કારાભાઇ ઉર્ફે ભોલાભાઇ વેજાભાઇ વસરા (ઉ.વ.૬૨ રહે. નવાપરા ગામ તા.લાલપુર જી.જામનગર) મનોજ મેરામણભાઇ વસરા (રીઝપર ગામ લાલપુર જી.જામનગર), મેરામણ રામાભાઇ વસરા (રહે. નવાપરા તા.લાલપુર જી.જામનગર) પ્રકાશ ઉર્ફે પકો મોહનભાઇ ગોહીલ (રહે ચોરબેડી ગામ તા.લાલપુર જી.જામનગર), પ્રવીણ રાજશીભાઇ વસરા (રહે. રીઝપર ગામ તા.લાલપુર જી.જામનગર) ને પોલીસે પકડી પાડયા હતા. જુગારીઓના કબ્જામાંથી રોકડ રૂ.૧૦૧૮૦/ તથા ગંજીપતાનું સાહિત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના વોર્ડ નં.૧ના અનેક વિસ્તારોમાં દિવસોથી ઉભરાતી ગટર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં ૧ માં છેલ્લા કેટલાક દિવસોથી ગટરો સાફ કરવા કોઈ આવતું નથી. જેના કારણે પાઈપ ગટરો અને ઓપન ગટર ઉભરાઈ રહી છે.જેને લીધે અહીંયા રહેવાસીઓના આરોગ્ય ઉપર અસર પડી તેવી સંભાવના છે. આ ગટર સફાઈ કામ માટે કોઈ કાયમી આવતા નથી.માત્ર બે ને ચાર દિવસે ગટરની સફાઈ કામે આવે છે. આ ગટર છલકાવા અને સફાઈના પ્રશ્ને સામાજીક કાર્યકર અનવર સંધાર રજૂઆત કરી છે.



તસવીરઃ હિરેન ગાંધી

# સગીરાના અપહરણ અને દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સજા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મજૂર પરિવારની સગીર પુત્રીનું અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચરવાના ગુનામાં અદાલતે આરોપીને તક્સીરવાન ઠરાવ્યો છે. જામનગરની સ્પેશિયલ પોક્સો અને રેપ કોર્ટે આરોપીને વીસ વર્ષની સખત કેદની સજા ફટકારી છે, સાથે જ ભોગ બનનાર સગીરાને રૂપિયા ચાર લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

ત્રણેક વર્ષ પહેલાં જામજોધપુરના ઉદેયપુર ગામમાં રહેતો ભરત રાજાભાઈ સાગઠીયા નામનો શખસ એક શ્રમિક પરિવારની સગીર પુત્રીને બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ જામજોધપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરીને દુષ્કર્મની કલમનો ઉમેરો કરીને જેલહવાલે કર્યો હતો અને તપાસ પૂર્ણ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ કેસ જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલ્યો હતો.

જેમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ એમ.પી. જાની દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. પ્રોસિક્યુશન પક્ષ તરફથી કેસને સાબિત કરવા માટે દશ મહત્વના સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. કોર્ટ સમક્ષ ચોવીસ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. અદાલતે સાક્ષીઓની જુબાની, દસ્તાવેજી પુરાવા અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપીને ગુનેગાર જાહેર કર્યો હતો. કોર્ટે આરોપીને વિશ વર્ષની સખત કેદની સજા, અને ભોગ બનનારને રૂપિયા ચાર લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો હતો.

# ભાણવડમાં ભુગર્ભ ગટરની કામગીરી અત્યંત નબળી અને ગુણવત્તા વગરનીઃ ઠેર ઠેર ફરિયાદોના ઢગલા

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ શહેરમાં સરકારી તંત્ર દ્વારા બનાવાયેલી ભૂગર્ભ ગટરની કામગીરી નબલી અને ગુણવતા વગરની હોવાથી સ્ટોરેજ કુંડીઓ કેટલાક ઠેકાણે છલકાઈ રહી છે, એમાં તાલુકા પંચાયતની સામે આવેલ શીવનગર વિસ્તારમાં સ્ટોરેજ કુંડી વારંવાર છલકાઈ જવાની ફરીયાદ ઉઠી છે. અને ગંદા પાણી રહેણાંક સુધી ફેલાતા રોગચાળાનો ભય ખડો થયો છે. આ બાબતને લઈને ભાણવડ શહેર 'આપ'ના પ્રમુખ હિતેન્દ્રસિંહ જાડેજાએ સ્થાનિક તંત્રને રોષભેર લેખીત રજુઆત કરી સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માંગણી કરી છે.

શહેરમાં ગંદકીની સમસ્યાને નિવારવા માટે સરકારી તંત્રે કરોડોના ખર્ચે ભૂગર્ભ ગટર યોજના બનાવી છે, યોજના તૈયાર થવાથી ગંદકીની સમસ્યાનું નિવારણ આવશે એમ લોકો માની રહ્યા



હતા. પરંતુ આ યોજના જાણે કે છેતરામણી બની હોય તેમ કેટલાયે ઠેકાણે સ્ટોરેજ કુંડી છલકાઈ રહી છે. જેથી કામમાં કહેવાતી ગેરરીતિનાં આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે. શહેરના રણજીતપરામાં તાલુકા પંચાયતની સામે જ શિવનગરના રહેણાંક વિસ્તારમાં ગંદા પાણીના સંગ્રહ માટે બનાવાયેલી મસમોટી સ્ટોરેજ કુંડી અવારનવાર છલકાઈ જાય છે અને તેના ગંદા પાણી લોકોના રહેણાંક સુધી ફેલાઈ જવાથી પારાવાર હાલાકી ભોગવવી પડે છે. તેમજ માખી મચ્છર જેવી જીવાતોનો ઉપદ્રવ રહેવાથી રોગચાળાનો ભય લોકોમાં ખડો થયો છે, આ સિવાય ભૂગર્ભ ગટરની કુંડીઓના કહેવાતા ઢાંકણા પણ શહેરમાં કેટલીક જગ્યાએ જર્જરીત બની ગયા છે. પરિણામે અકસ્માતની દહેશત સેવાઈ રહી છે. એવી રજુઆત 'આપ'ના શહેર પ્રમુખ હિતેન્દ્રસિંહ જાડેજાએ કરી છે.

# ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન આયોજીત ઈન્ટર ડિસ્ટ્રિક્ટ મહિલા સ્પર્ધા જામનગરે જીતી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા મહિલા ખેલાડીઓ માટેની ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જામનગરની ટીમ ચેમ્પિયન બની હતી. જામનગર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનની ટીમે બિગ મેચમાં ભાવનગરને ૩૮-૦, અમદાવાદને ૫- ૦ થી હરાવી અમદાવાદને ૫૦ હરાવીને સેમી ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. બરોડાને ૯-૦ પરાજિત કરી ફાઇનલ મેચમાં પ્રવેશ કર્યો હતો. ફાઇનલ મેચમાં રાજકોટની ટીમને ૧૦-૦ થી હરાવીને જામનગરની મહિલા ફૂટબોલ ટીમ ચેમ્પિયન બની હતી આ મહિલા ખેલાડીઓને આદિત્ય પીપરીયાએ તાલીમ આપી હતી. જામનગર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન ની મહિલા ટીમને ચેમ્પિયન થવા બદલ આનંદભાઈ માડમે પણ અભિનંદન પાઠવ્યા હતા.

# જામનગરમાં મેઘકૃપા માટે વેપારીઓ દ્વારા ભંડારાના હેતુથી ૮૫૦૦ લાડુ બનાવાયા

## શહેરની ૧૫ ગૌશાળાઓ, મંદિરો અને વિવિધ સ્થળોએ ગાયોને પ્રસાદ અપાશેઃ માર્કેટના મજૂરોને પણ બુંદીના લાડુનું વિતરણ કરાશે







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

છોટી કાશીના ઉપર નામથી પ્રચલિત એવા જામનગર શહેરમાં અષાઢી બીજના પાવન અવસરે વરૂણદેવને રીઝવવા અને ગૌસેવાના હેતુથી જામનગરની ઘી સીડ્સ એન્ડ ગ્રેઈન મરચન્ટ એસોસિએશન દ્વારા વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. આજ તા. ૧૨ જુલાઈ, રવિવારના રોજ શહેરની વિવિધ ગૌશાળાઓ, મંદિરો તેમજ અન્ય સ્થળોએ ગાયોને ઘઉંના લાડુનો પ્રસાદ અપાશે, જ્યારે ગ્રેઈન માર્કેટના મજૂર ભાઈઓને બુંદીના લાડુનું વિતરણ કરવામાં આવશે. આ આયોજન માટે સંસ્થા દ્વારા અંદાજે ૭૦૦ કિલો ઘઉંનો લોટ, ૫૦૦ કિલો દેશી ગોળ, ૧૫૦ કિલો તેલ અને ૮૦ કિલો ચણાનો લોટ ઉપયોગમાં લેવામાં આવશે. આ સામગ્રીમાંથી આશરે ૭,૦૦૦ ઘઉંના લાડુ ગાયો માટે તેમજ ૧,૫૦૦ બુંદીના લાડુ માર્કેટના મજૂરોને પ્રસાદરૂપે તૈયાર કરવામાં આવશે. આ લાડુઓનું વિતરણ આણદાબાવા ગૌશાળા (ઢીંચડા અને ધોરીવાવ), વચ્છરાજ ગૌશાળા, મોટી હવેલી, શ્રી જલારામ મંદિર (હાપા), કબીર આશ્રમ, પ્રણામી મંદિર ગૌશાળા, લીમડાલેન પાંજરાપોળ, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, ખોડિયાર કોલોની ગૌશાળા, દરેડ ગૌશાળા સહિત શહેરના કુલ ૧૫ સ્થળોએ કરવામાં આવશે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતી ગાયોને પણ લાડુ ખવડાવવામાં આવશે. લાડુ બનાવવાની કામગીરી તા. ૧૧ જુલાઈ, શનિવારે શ્રી દયાશંકર બ્રહ્મપુરી વાડી, કાશી વિશ્વનાથ રોડ ખાતે હાથ ધરવામાં આવશે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે એસોસિએશનના પ્રમુખ લક્ષ્મીદાસભાઈ કે. રાયઠઠા, ઉપપ્રમુખ દેવેનભાઈ પાબારી, માનદ મંત્રી રિશી અશોકકુમાર પાબારી, પૂર્વ પ્રમુખ જીતેન્દ્રભાઈ એચ. લાલ (જીતુ લાલ) તેમજ પરેશભાઈ મહેતા અને કારોબારી સભ્યો તેમજ સંસ્થાના સભ્યો સક્રિય રીતે જોડાયા છે.

# પ્રદૂષણ નિયંત્રણમાં બેદરકારી બદલ એસ્સાર પાવર પ્લાન્ટને ૨૦ લાખનો દંડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર પાસેના કાર્યરત કોલસા આધારીત પાવર પ્લાન્ટની પ્રદૂષણ નિયંત્રણ અંગે ઘોર બેદરકારીઓ સામે આવી છે અને સરકારી નોટિસો છતાં હમ નહી સુધરેંગે વાળું વલણ દાખવતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે દંડ વસૂલાત કરી હજુય નીરી જેવી સંસ્થા પાસે પર્યાવરણ જાળવણીનો સંપૂર્ણ તપાસ કરાવવાનો હુકમ કરાયો છે.

શરૂઆત થઈ ત્યારથી કોઈને કોઈ બેદરકારી બાબતે ચમકતા રહેતા જામખંભાળિયા પાસેના એસ્સાર પાવર પ્રોજેક્ટ માટે સલાયા વગેરે બંદરેથી એસ્સાર બલ્ક ટર્મિનલ દ્વારા કોલસાના જંગી જથ્થા આવે છે ત્યારે તાજેતરની જીપીસીબીની કોલસા પોલિસી જે અમલમાં છે અને દરેક રાજ્યના પર્યાવરણ વિભાગે તેનો કડક અમલ કરાવવાનો છે તેના ભાગરૂપે આ પ્લાન્ટમાં વખતો વખત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તપાસ કરતું હતું અને ખાસ કરીને હવામાં મોટા પ્રમાણમાં ઊડતા ડસ્ટ પાર્ટિકલ અને કોલસાની કણીઓ અંગે નોટિસ પાઠવતુ હતું.

પરંતુ ત્યાં સુધારો થતો ન હોવાનો ગંભીર રિપોર્ટ જામનગર સ્થિત રિજનલ કચેરીએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં કર્યો હતો તેના પગલે બોર્ડે કડક પગલા લઈને રૂપિયા વીસ લાખના દંડની રકમ અલગથી જમા રાખવા વસૂલી છે ઉપરાંત નવેસરથી નીરી પાસે પર્યાવરણ રિપોર્ટ બનાવી સબમિટ કરવા હુકમ કર્યો છે કેમકે એન્વાયરોનમેન્ટ ક્લિયરન્સની શરતોનું પાલન આ કંપની કરતી ન હતી સ્થાનિક જાણકારો એવું કહે છે કે આ કંપનીના દ્વારકા અને જામનગર જિલ્લાઓમાં રહેતા અને ફરજ બજાવતા સ્થાનિક અધિકારીઓની આ બાબતે ખુબજ બેદરકારીઓ છે અને આ સિવાયના પણ પ્રદુષણ લગત પ્રશ્નો છે.જ્યારે જીપીસીબીમાંથી જાણવા મળ્યું છે કે હજુય બેદરકારી રહેશે તો વધુ કડક પગલા લેવાની જોગવાઈઓ ઈન્વોરોન્મેન્ટ પ્રોટેક્શન એક્ટમાં છે.

જીપીસીબી એ શું શું નોંધ લીધી હતી. જેમાં આદેશોનું પાલન ન થતું હતું. જેમાં

અનુ પાના નં.૨ પર

# લાલપુરના રીંજલપરમાં રાષ્ટ્રીય પક્ષીનું મોત, સરકારી આદેશનો ખુલ્લેઆમ અનાદરઃ ઓપેરા કંપની સામે ગુનો દાખલ કરો!

**સમય સંદેશઃ લાલપુર**



લાલપુર તાલુકાના રીજપર ગામે 'ઓપેરા કંપની' ના હાઈ વોલ્ટેજ વીજ ટાવરના કરંટથી રાષ્ટ્રીય પક્ષી મોરનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ૪ થી ૫ મોર ગંભીર રીતે દાઝી ગયા છે. આ માત્ર એક અકસ્માત નથી, પરંતુ કંપનીની ઘોર બેદરકારી અને કાયદાનો ખુલ્લો અનાદર છે.

સૌથી મોટો રોષ એ વાતનો છે કે અગાઉ ખેડૂતોની લેખિત રજૂઆતને ધ્યાને લઈ પ્રાંત અધિકારી દ્વારા ઓપેરા કંપનીને આ જોખમી ટાવર હટાવવા માટે કડક નોટિસ ફટકારવામાં આવી હતી. આમ છતાં, કંપનીએ સરકારી આદેશ ન માનવાની ગુનાહિત બેદરકારી દાખવી અને કોઈ જ કાર્યવાહી ન કરી. કંપનીના આ જક્કી વલણનું પરિણામ આજે અબોલ જીવોએ પોતાનો જીવ આપીને ભોગવવું પડ્યું છે. પક્ષીપ્રેમીઓ અને રીજપર ગામના લોકોમાં વ્યાપક આક્રોશ ફેલાયો છે. અમારી સ્પષ્ટ માંગ છે કે જ્યારે કોઈ સામાન્ય નાગરિક કાયદો તોડે તો તંત્ર તરત દંડાત્મક કાર્યવાહી કરે છે, તો આટલી મોટી કંપનીને કાયદાનું ઉલ્લંઘન કરવાની છૂટ કેમ? અમારી માંગ છે.

કે જવાબદાર ઓપેરા કંપની સામે તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધી નીચે મુજબની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવે. મોર એ ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે અને કાયદાના 'શેડ્યુલ-૧' માં આવે છે. તેની હત્યા કે બેદરકારીથી થયેલા મોત માટે આ કાયદા હેઠળ કડક અને બિનજામીનપાત્ર કાર્યવાહી થવી જોઈએ. પ્રાંત અધિકારી દ્વારા આપવામાં આવેલી ટાવર હટાવવાની કાયદેસરની નોટિસનો ખુલ્લેઆમ અનાદર કરવા બદલ. પોતાના હસ્તકના હાઈ વોલ્ટેજ ટાવરથી અબોલ જીવો અને આસપાસના ખેડૂતોના જીવને જોખમ ઊભું ન થાય તેની કાળજી ન રાખવા અને ગુનાહિત બેદરકારી દાખવવા બદલ.ભવિષ્યમાં અન્ય કોઈ અબોલ જીવ કે ખેડૂતનો ભોગ ન લેવાય તે માટે તાત્કાલિક ધોરણે આ જોખમી ટાવરને ત્યાંથી હટાવવામાં આવે. જ્યારે કોઈ સામાન્ય નાગરિક સરકારી નિયમ તોડે તો તરત દંડ થાય છે, તો આટલી મોટી કંપનીને સરકારી નોટિસ અવગણવાની છૂટ કેમ?

# જામનગરમાં રિક્ષા અથડાવવા મામલે યુવાન પર છરીથી હુમલોઃ ગંભીર ઈજા થતા રાજકોટ ખસેડાયો; ૪ સામે હત્યા પ્રયાસનો ગુનો નોંધાયો

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના ટીટોડીવાડી સિલ્વર સોસાયટીમાં રહેતા સકીલભાઈ અબ્બાસભાઈ સુમરાએ જણાવ્યું કે બપોરના સમયે તેમના ઘરની બહાર અવાજ આવતાં તેઓ બહાર નીકળ્યા હતા. ત્યારે જુનેદ જાનમામદ બ્લોચની રિક્ષા તેમની મોટરસાયકલ સાથે અથડાઈ હતી. આ બાબતે સકીલભાઈએ ઠપકો આપતાં જુનેદ ગાળો બોલવા લાગ્યો હતો.

થોડા સમય બાદ જુનેદ પોતાના ઘરેથી લોખંડનો પાઈપ લઈને પરત આવ્યો હતો, જ્યારે તેની સાથે કામીલ છરી લઈને આવ્યો હતો. ફાતમાબેન અને કામીલની માતા પણ ત્યાં પહોંચી ગાળો બોલવા લાગી હતી. આ દરમિયાન ફરિયાદીના માસીના દીકરા મોઈને વચ્ચે પડી ગાળો બોલવાની ના પાડતાં કામીલે તેના પર છરી વડે હુમલો કર્યો હતો.

ફરિયાદ મુજબ, મોઈનને વાંસાના ભાગે છરીના ઘા મારવામાં આવ્યા હતા. છાતીના ભાગે હુમલો કરવાનો પ્રયાસ થતાં બચાવ દરમિયાન તેના ડાબા હાથના અંગૂઠા પાસે અને બંને હોઠ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ, જુનેદે લોખંડના પાઈપ વડે મોઈનના બંને પગ પર માર મારી ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા અને જુનેદે ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્ત મોઈનને તાત્કાલિક જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક

અનુ પાના નં.૨ પર

# મીઠાપુરના આરંભડા ગામે છુટાછેડા બાદ પુનઃ સગાઈ ન થતાં યુવાને ખાધો ગળાફાંસો

**સમય સંદેશઃ મીઠાપુર**

ઓખા મંડળના મીઠાપુર તાબેના આરંભડા ગામે રહેતા અભુભા અરજણભા માણેક નામના ૪૦ વર્ષના હિન્દુ વાઘેર યુવાનના અગાઉ થયેલા લગ્ન બાદ આજથી આશરે એકાદ વર્ષ પૂર્વે છૂટાછેડા થઈ ગયા હતા. આ પછી તેમની સગાઈ થતી ન હોવાથી તેઓ એકલવાયું જીવન જીવતા હતા. આ પરિસ્થિતિમાં તેમને મનમાં લાગી આવતા ગત તા. ૨ જુલાઈના રોજ તેમણે પોતાના હાથે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેમને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તા. ૬ ના રોજ તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના નાનાભાઈ કરસનભા અરજણભા માણેકએ મીઠાપુર પોલીસને કરી છે.

# સિક્કા ગામની પરિણીતાને ત્રિપલ તલાક અપાયાના મામલે પતિ સામે નોંધાયો ગુન્હો

## બીજા લગ્ન બાદ પત્નીને શારીરિક-માનસિક ત્રાસ આપી જાહેરમાં ત્રણ વખત તલાક બોલ્યાનો આક્ષેપ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના સિક્કા ખાતે રહેતી હીનાબેનના લગ્ન વર્ષ ૨૦૨૦માં સલાયાના રહેવાસી હસન હમીદ ભાયા સાથે મુસ્લિમ રિવાજ મુજબ થયા હતા. લગ્નના શરૂઆતના લગભગ ત્રણ વર્ષ સુધી દામ્પત્ય જીવન સારું ચાલ્યું હતું, પરંતુ ત્યારબાદ પતિ નાની-નાની બાબતે ઝઘડા કરી ગાળો બોલતો, મારપીટ કરતો તેમજ શારીરિક અને માનસિક ત્રાસ આપતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે બીજી પુત્રીના જન્મ બાદ પતિના વર્તનમાં ફેરફાર આવ્યો હતો, અને તેને પડોશમાં રહેતી એક યુવતી સાથે પ્રેમસંબંધ થતાં તેની સાથે લગ્ન કરવાની ઈચ્છાથી પત્ની પર અત્યાચાર વધારી દીધા હતા. બાદમાં પતિ ઘર છોડીને ચાલ્યો ગયો હતો, અને પછી તે અન્ય મહિલા સાથે રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. ફરિયાદી મહિલા છેલ્લા ચાર મહિનાથી પોતાની બે પુત્રીઓ સાથે પિયર સિક્કામાં રહે છે. અગાઉ પરિવારજનો દ્વારા સમાધાનના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. દરમિયાન સિક્કા પોલીસ મથકે અરજી સંદર્ભે બંને પક્ષોને બોલાવવામાં આવ્યા હતા. તે સમયે પોલીસ મથકની બહાર પતિએ પોતાની બીજી યુવતિ સાથે લગ્ન કરી લીધા હોવાનું કહી પત્નીને ત્રણ વખત 'તલાક' ઉચ્ચારી તલાક આપી દીધાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. સમાજમાં સમાધાન થઈ જશે તેવી આશાએ ફરિયાદીએ તાત્કાલિક ફરિયાદ નોંધાવી ન હતી, પરંતુ સમાધાન ન થતાં તેમજ સાસરીયા પક્ષ તરફથી પોતાની કે બે પુત્રીઓની કોઈ સારસંભાળ લેવામાં ન આવતાં આખરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. સિક્કા પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બ્રાસપાર્ટ ઉદ્યોગના પ્રદૂષણ મામલે ઉચ્ચકક્ષાએ મોકલાયો અહેવાલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગુજરાત પ્રદૂષણ નિયત્રંક બોર્ડ દ્વારા ઔધોગિક દરેડ અને શંકરટેકરી વિસ્તારમાં આવેલા ફેક્ટરીને લઈ તાજેતરમાં તપાસ હાથ ધરી હતી.જે તપાસ દરમ્યાન પ્રદુષણ અંગે જુદા જુદા એકમો દ્વારા પ્રદૂષણ ફેલાવતા હોવાનું પ્રકાશમાં આવતા ઉચ્ચ કચેરીએ અહેવાલ ગાંધીનગર મોકલેલ હોવાનું જાણવા મળે છે.

પાણી અને હવા પ્રદુષિત થાય ત્યારે જનજીવન ઉપર જોખમ વધે છે, માટે તંત્રોની સાથે લોકોએ જાગૃતતા વધારી તંત્ર ક્યાસ રાખે તો ઢંઢોળવુ જોઈએ, જ્યારે ઝેરી પદાર્થો સરોવરો, ઝરણાઓ, નદીઓ, સમુદ્રો, અને બીજા પ્રવાહી એકમોમાં દાખલ થાય છે, તે ઓગળી જાય છે અથવા પાણીમાં તરતા રહે છે અથવા તળિયે જમા થાય છે. પરીણામે જળપ્રદૂષિત થાય છે જેથી કરીને પાણીની ગુણવત્તા વધુ બગડે છે,જે જળીય પરિતંત્રને અસર કરે છે હવામાં થતી અશુદ્ધિઓ એટલે હવા પ્રદૂષણ...હવા પ્રદૂષણથી આરોગ્યની સમસ્યાઓ ઉદ્ભવી શકે છે અને તે પર્યાવરણ અને સાધનસંપત્તિને પણ નુકસાન પહોંચાડી શકે છે.

માટે જ હવા, જળ જમીન પ્રદુષણ નિયંત્રિત રહે તે માટે જામનગર આસપાસ આવેલ ઔધોગિક એકમો પર ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ટુકડીઓ કાર્યવાહી તપાસણીઓ કરતી રહે છે. તાજેતરમાં જ ગત શનિવાર, રવિવાર અને બુધવારની રાત્રીના જામનગર પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ટીમ દ્વારા રાત્રીના સમયે દરેડ જીઆઈડીસી ફેઝ-૨ અને ૩ શંકર ટેકરી ઉદ્યોગનગર અને ચેલા ચંગા રોડ પર આવેલ ઔધોગિક એકમો અને ખાસ કરીને ઈલેક્ટ્રોપ્લેટીંગના કારખાનાઓ દ્વારા કરવામાં આવતા પ્રદુષણ સબબ ત્યાં તપાસની કાર્યવાહી હાથ ધરી હતી.

જે પૈકી બે એકમો પ્રદુષણ ફેલાવી અને બોર્ડના નિયત ધારાધોરણોનું પાલન ના કરતા હોવાનું તપાસ દરમિયાન ફલિત થઈ જતા આ બન્ને યુનિટો વિરુદ્ધ ગાંધીનગર જીપીસીબી વડી કચેરી ખાતે વિસ્તૃત રીપોર્ટ કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે હવે આ અંગેના આગળના પગલા આગામી દિવસોમાં લેવામાં આવશે તેમ જીપીસીબીના સુત્રો જણાવે છે.

# જામજોધપુરમાં રેશનીંગનો પુરવઠો બારોબાર વેચી નખાતો હોવાની ફરિયાદ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર શહેર તેમજ તાલુકામાં રેશનીંગ ની દુકાનેથી ગરીબોને અનાજ સમયસર મળતું નથી આ અંગે ચર્ચાતી વિગતો મુજબ સારો માલ માર્કેટિંગ યાર્ડ માં બારોબાર વહેચી મારવામાં આવે છે અને નબળો માલ ગ્રાહકોને બતાવવામાં આવે છે.

જેથી ગ્રાહકો આવો માલ સામેથી ખરીદતા નથી અને ચણા જેવી વસ્તુ નો જથ્થો આવી ગયો હોવા છતાં દરવખત એક વસ્તુ મોડી આવી હોવાનું જણાવતા ગ્રાહકો પણ એકાદ વસ્તુ માટે ધકો ખાતા નથી અને

અનુ પાના નં.૨ પર

# સલાયામાં શ્વાનોની વફાદારી અને સતર્કતાએ બચાવ્યો બકરીઓનો જીવઃ ગામમાં ચર્ચા

## ચોર બે બકરીઓને મુકીને રફુચક્કર થઈ ગયા



**સમય સંદેશઃ સલાયા**

સલાયા શહેરના જૂની પોલીસ લાઇન વિસ્તારમાં ગત મધ્યરાત્રિએ બકરી ચોરીની એક અજીબોગરીબ અને રસપ્રદ ઘટના સામે આવી છે. જેમાં તસ્કરો ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને શેરીના કૂતરાઓએ ઘરમાલિકની બકરીઓનો આબાદ બચાવ કર્યો હતો.ઘટનાની વિગત એવી છે.

કે જૂની પોલીસ લાઇન પાસે રહેતા એક પરિવારના ઘરે રાત્રિના સમયે તેમના ઘરના આંગણામાં બે પાલતુ બકરીઓ બાંધેલી હતી. મધ્યરાત્રિએ વંડી ઠેકીને આવેલા બે જેટલા અજાણ્યા ચોરોએ બકરીઓની ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન સામાન્ય અવાજ થતાં ઘરના સભ્યો જાગી ગયા હતા, પરંતુ શરૂઆતમાં કંઈ સમજાયું ન હતું.ત્યારબાદ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં બાળ સંરક્ષણ ગૃહમાંથી ભાગેલા બે બાળકો મળી આવ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રણજીતસાગર રોડ પર આવેલ બાળ સુધાર ગૃહમાં રહેતા શહેરના લાલવાડી વિસ્તારના એક પરિવારનો ૧૨ વર્ષનો સગીર અને વાણિયા ગામના એક પરિવારનો ૧૧ વર્ષનો બાળક આજે સવારે લાપતા બન્યો હતો. પ્રાથમિક વિગત મુજબ બંને સગીર શહેરની નંદનવન સોસાયટીમાં આવેલ શાળા નંબર ૨૧ માં અભ્યાસ અર્થે ગયા હતા. અને ત્યાંથી ક્યાંક નાસી ગયા હતા. જે મામલે સબંધિત અધિકારીઓને જાણ થતા દોડધામ મચી ગઇ હતી. તંત્ર દ્વારા પોલીસને જાણ કરાતા પોલીસે તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com